CC NO. 109 / 2026.
SESSIONS COMMITTAL

GJSK190001252026

કેસ રજુ કરેલ તારીખ : ૨૪/૦૨/૨૦૨૬

કેસ દાખલ કરેલ તારીખ : ૨૪/૦૨/૨૦૨૬

કેસ ફેંસલ કરેલ તારીખ : ૨૪/૦૩/૨૦૨૬

સમયગાળો : અવધિ :

દિવસ : ૦૦, માસ : ૦૧, વર્ષ : ૦૦

**પોશીના, જી.સાબરકાંઠાના મહે. જ્યુડીશીયલ મેજી. ફસ્ટ કલાસશ્રીની કોર્ટમાં,મું.પોશીના, જી.સાબરકાંઠા.**

**ફોજદારી કેસ નંબર – ૧૦૯ / ૨૦૨૬**

આંક – ૨૭

ફરીયાદી : શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપીઓ :
(૧) ચંદુભાઇ નાનાભાઇ બુંબડીયા ઉ.વ.૩૪
(૨) જેઠાભાઇ ભુરાભાઇ બુંબડીયા ઉ.વ.૭૫
(૩) નાણાભાઇ ઉર્ફે નાણીયા રેશ્માભાઇ બુંબડીયા ઉ.વ.૩૬
(૪) ભુગથાભાઇ ઉર્ફે પોગતા નાનાભાઇ બુંબડીયા ઉ.વ.૪૨
(૫) મનાભાઇ નાનાભાઇ બુંબડીયા ઉ.વ.૪૫
(૬) રાણાભાઇ લીંબાભાઇ બુંબડીયા ઉ.વ.૩૬
(૭) રેશ્માભાઇ નાનાભાઇ બુંબડીયા ઉ.વ.૫૩
(૮) રાવાભાઇ જેઠાભાઇ બુંબડીયા ઉ.વ.૩૪
(૯) રમેશભાઇ લીંબાભાઇ બુંબડીયા ઉ.વ.૩૧
(૧૦) લીંબાભાઇ ભુરાભાઇ બુંબડીયા ઉ.વ.૭૦
તમામ રહે.પાડલી, તા.કોટડાછાવણી, જી.ઉદેપુર (રાજસ્થાન)

ગુન્હો : ઇ.પી.કો. કલમ–૩૯૫,૪૩૬,૩૪૨,૧૨૦(બી) તથા આમ્સ એકટ – ૨૫(૧)(સી) તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબ.

.............................................................................

**૧.** આ કામના આરોપીઓએ ગઈ તા.૨૩/૧૧/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગે મોજે કાલીકાંકર ગામે ડુંગરની સીમમાં (ખાદરા ફળો) મુકામે કોલમ નં.૧ માં જણાવેલ આરોપીઓએ પુર્વઆયોજીત કાવતરુ રચી પોતાના હાથમાં તીરકામઠા, તલવાર, કુહાડી તથા બંદુક લઈ ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીને તથા ફરીયાદીના દિકરા સાહેદ રામસાભાઈને બંદુક તાકી ઘરમાંથી બહાર કાઢી ઝાડ સાથે બાંધી દઈ અને ઘરમાં મુકેલ ઘઉં તથા મકાઈની બોરી નંગ–૦૫ કિ.રૂા.૩૫૦૦/– ની લુંટ કરી કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.૫ નાએ ફરીયાદીનું ઘર સળગાવી અનાજની લુંટ કરી નાસી જઈ મે.જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૯૫,૪૩૬,૩૪૨,૧૨૦(બી) તથા આમ્સ એકટ – ૨૫(૧)(સી) તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તારીખ : ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** આ કામે આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, તેઓને પોલીસ તપાસના તમામ કાગળોની નકલો મળી ગયા બદલની ખાતરી કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓને તેઓ વિરુધ્ધ નામદાર સેશન્સ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી ચાલે તે દરમ્યાન તેઓ તેમના બચાવ માટે ખાનગી વકીલ રોકવાના છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પુછતાં આરોપીઓએ તેઓના **આંક : ૧૬ થી ૨૫** ના નિવેદનમાં પોતે પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગતા હોવાની હકીકત જાહેર કરી **આંક : ૧૫** થી તે બાબતની પુરસીસ રજુ રાખેલ છે.

૩. ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો જોતાં પ્રથમ દર્શનીય રીતે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૯૫,૪૩૬,૩૪૨,૧૨૦(બી) તથા આમ્સ એકટ – ૨૫(૧)(સી) તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતાં અને વ્યાજબી કારણો જણાય છે. પરંતુ, ઈ.પી.કો. કલમ–૩૯૫,૪૩૬,૩૪૨,૧૨૦(બી) તથા આમ્સ એકટ – ૨૫ (૧)(સી) તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબના ગુન્હા અંગેની ઈન્સાફી

કાર્યવાહી ચલાવવાની હકુમત માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

**૧.** આ કામના આરોપી (૧) ચંદુભાઈ નાનાભાઈ બુંબડીયા ઉ.વ.૩૪ (૨) જેઠાભાઈ ભુરાભાઈ બુંબડીયા ઉ.વ.૭૫ (૩) નાણાભાઈ ઉર્ફે નાણીયા રેશ્માભાઈ બુંબડીયા ઉ.વ.૩૬ (૪) ભુગથાભાઈ ઉર્ફે પોગતા નાનાભાઈ બુંબડીયા ઉ.વ.૪૨ (૫) મનાભાઈ નાનાભાઈ બુંબડીયા ઉ.વ.૪૫ (૬) રાણાભાઈ લીંબાભાઈ બુંબડીયા ઉ.વ.૩૬ (૭) રેશ્માભાઈ નાનાભાઈ બુંબડીયા ઉ.વ.૫૩ (૮) રાવાભાઈ જેઠાભાઈ બુંબડીયા ઉ.વ.૩૪ (૯) રમેશભાઈ લીંબાભાઈ બુંબડીયા ઉ.વ.૩૧ (૧૦) લીંબાભાઈ ભુરાભાઈ બુંબડીયા ઉ.વ.૭૦ તમામ રહે.પાડલી, તા.કોટડાછાવણી, જી.ઉદેપુર (રાજસ્થાન) નાઓ સામેનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૦૯ મુજબ ઈ.પી.કો. કલમ–૩૯૫,૪૩૬,૩૪૨,૧૨૦(બી) તથા આમ્સ એકટ – ૨૫(૧)(સી) તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટેની ઈન્સાફી કાર્યવાહી થાવા સારુ નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ, મુ.પો. તા.ઈડર, જી.સાબરકાંઠા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૦૯ (ડી) મુજબ આ કેસ કમીટ કરયાની જાણ મદદનીશ જીલ્લા સરકારી વકીલશ્રી, ઈડર, તા.ઈડર, જી.સાબરકાંઠાનાઓને કરવી.

હુકમ આજ તારીખ : **૨૪** મી, માહે : **માર્ચ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પોશીના, જી.સાબરકાંઠા.
તારીખ : ૨૪/૦૩/૨૦૨૬

**( એચ. કે. સન્યાલ )**
જ્યુડીશીયલ મેજી. ફસ્ટ કલાસ
પોશીના, જી.સાબરકાંઠા.
જજ કોડ – જીજે૦૧૪૬૬